**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સમય મર્યાદા**

# –: પરિપત્ર : –

**વિષય :** શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્ર / સ્વનિર્ભર અભ્યાસક્રમના નવા / ચાલુ જોડાણ / એક્ષટેન્સનની અરજી કરવા અંગે........

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને સવિનય જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન યુનિવર્સિટી વિસ્તારમાં કાર્યરત યુનિવર્સિટી સંલગ્ન ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોની **નવા યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રોની અરજી અથવા સ્વનિર્ભર અનુસ્નાતક અભ્યાસના ચાલુ / નવા / એક્ષટેન્સન જોડાણની અરજી યુનિવર્સિટી કાર્યાલયમાં તા.૩૦–૦૯–૨૦૨૦ સુધીમાં** ઓ.૬૬ (૨) (સી) ની જોગવાઈ મુજબની અનુસ્નાતક અભ્યાસના નવા / ચાલુ જોડાણ / એક્ષટેન્સનની અરજીઓ સાથે એફીલીએશન ફી, પ્રોસેસીંગ ફી અને અરજી ફોર્મ ફી અનુસ્નાતક વિભાગમાં નોંધ કરાવી હિસાબી વિભાગમાં અચૂકજ જમા કરાવવાની રહેશે. નિયત સમય બાદ તા.૧૫–૧૧–૨૦૨૦ સુધીમાં યુનિવર્સિટી અનુસ્નાતક અભ્યાસના નવા કેન્દ્રો / સ્વનિર્ભર અભ્યાસના નવા / ચાલુ જોડાણ / એક્ષટેન્સનની અરજી નીચે મુજબની લેઈટ ફી સાથે સ્વીકારવામાં આવશે, જેની અચૂક નોંધ લેશો.

| | LATE FEE |
|---|---|
| on or before 15th OCTOBER | Rs. 36,000/- |
| on or before 30th OCTOBER | Rs. 72,000/- |
| on or before 15th NOVEMBER | Rs. 1,44,000/- |

અધુરી વિગત / માહિતી વાળી જોડાણ અરજી સ્વીકારવામાં આવશે નહી અને તા.૧૫–૧૧–૨૦૨૦ બાદ યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રની અરજી / સ્વનિર્ભર અભ્યાસક્રમના નવા–ચાલુ જોડાણની અરજી યુનિવર્સિટી દ્વારા સ્વીકારવામાં આવશે નહી, જેની અચૂક નોંધ લેવી.

**નોંધ :**

(૧) શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ માટે નવી કોલેજ / સ્વનિર્ભર અભ્યાસક્રમ શરૂ કરવા માટે જોડાણ અરજી કરવામાં આવે ત્યારે યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને સંચાલક મંડળના પ્રતિનિધિના સંયુકત નામે રૂા.૧૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ લાખ પુરા) છ વર્ષ (૭૨ માસ) માટે ફિકસ ડિપોઝીટ જમા કરાવવા બાબતની બાંહેધરીપત્ર સાથે નવા જોડાણ અરજી કરવાની રહેશે.

(૨) યુ.જી.સી. રેગ્યુલેશન–૨૦૧૨ મુજબ 3.1.1. Undisputed ownership and possession of land free from any or all encumbrances measuring not less than 1.5 acres if it is located in mega cities, 2 acres if it is located in metropolitan cities and 5 acres if it is located in other cities જોગવાઈ છે. U.G.C. ની સદર જોગવાઈ નું પાલન થતું હશે તો જ અરજી સંદર્ભે આગળની કાર્યવાહી કરવામાં આવશે નહી તો સદર અરજી દફતરે કરવામાં આવશે. (સદર શરતો પૂર્તતા કરી શકે તેવી સંસ્થાએ જ જોડાણ અરજી કરવી)

(૩) સિન્ડિકેટની તા.૨૩–૦૮–૨૦૧૯ની સભાના ઠરાવ ક્રમાંક : (૬૯) અન્વયે કોલેજએ અભ્યાસક્રમ દીઠ અલગ અલગ જોડાણ અરજી, ફોર્મ ફી તથા પ્રોસેસિંગ ફી ભરવાની રહેશે.

**નોંધ :(૧) જોડાણ અરજી માટેનું અરજી ફોર્મ યુનિવર્સિટી વેબસાઈટ www.vnsgu.ac.in પરથી ડાઉનલોડ કરી નિયત ફી, અરજી યુનિવર્સિટીમાં જમા કરાવતા સમયે જમા કરાવવાની રહેશે.**

**(૨) નવા જોડાણ માટે સંસ્થાએ યુનિવર્સિટીના નિયત નમૂનામાં જોડાણ અરજી સાથે યુનિવર્સિટી વેબસાઈટ affiliation.vnsgu.net પરથી સદર નવા જોડાણની ઓનલાઈન અરજી કરી તેની હાર્ડ કોપી (પ્રિન્ટ આઉટ) યુનિવર્સિટીમાં નવા જોડાણની અરજી જમા કરાવતા સમયે જમા કરાવવાની રહેશે.**

**ઈ.ચા. કુલસચિવ**

**ક્રમાંક : પીજી/એફીલીએશન એપ્લી./૨૦૨૧–૨૨/૭૧૪૬/૨૦૨૦**
**તા. ૨૯–૦૮–૨૦૨૦.**

**નકલ રવાના :**
**પ્રતિ,**
**યુનિવર્સિટી સંલગ્ન – ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોના આચાર્યશ્રી / સ્વનિર્ભર અનુસ્નાતક અભ્યાસક્રમનું સંચાલન કરતી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રી/ નિયામકશ્રીઓ...તરફ જાણ તથા અમલ થવા સારૂ...**

**નકલ સવિનય રવાના**
**પ્રતિ:**
**ઈ.ચા.મુખ્ય હિસાબી અધિકારીશ્રી, હિસાબી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત. .. જાણ તથા ઘટતું કરવા સારૂં...**